# તાલુકા પંચાયતનો જંગ હવે ૭૫ ઉમેદવારો વચ્ચે ખેલાશે

## ત્રણ અપક્ષ ઉમેદવારોને બેટના પ્રતિક સાથે મેદાનમાં : વાવોલમાં બે ભાઈઓ આમને-સામને કોલવડા બેઠક પર સૌથી વધુ ઉમેદવારો

ગાંધીનગર, તા. ૫

તાલુકા પંચાયતની ચૂંટણીમાં આજે ૬ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચતાં હવે ૩૧ બેઠક માટે ૭૫ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટે મેદાનમાં રહેલા ૭૫ ઉમેદવારોમાં ૧૨ ઉપક્ષ ઉમેદવારો અને બસપાના એક ઉમેદવારનો પણ સમાવેશ થાય છે.

તાલુકા પંચાયતની આ સામાન્ય ચૂંટણીનો તખ્તો આજે તૈયાર થઈ જતાં જ હવે રાજકીય પક્ષો અને અન્ય ઉમેદવારો દ્વારા તેમનું પ્રચાર અભિયાન પણ શરૂ થઈ ગયું છે.

તાલુકા પંચાયતના વર્તમાન પ્રમુખ શ્રી પોપટભાઈ પટેલ અને કોંગ્રેસના શ્રી ઘનશ્યામસિંહ વચ્ચે ઉનાવાની બેઠક પર સીધો જંગ ખેલાશે. જો કે આ ઉપરાંત ૧૯ બેઠકો પર સીધો જંગ ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખેલાશે.

આ ચૂંટણીમાં વાવોલની બેઠક પર બે ભાઈઓ સામ-સામે ચૂંટણી લડી રહ્યા છે. તો ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોક પટેલના વતન કોલવડા બેઠક પર સૌથી વધુ ઉમેદવારો મેદાનમાં છે.

આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષો નો રીપીટ થીયરી અપનાવતાં મુકાબલો રસપ્રદ બનશે તેવી ગણતરીઓ રાજકીય પંડિતો માંડી રહ્યા છે.

આ ચૂંટણીમાં ત્રણ અપક્ષ ઉમેદવારોને બેટનું પ્રતીક ફાળવવામાં આવતાં પણ રાજકીય ઉત્તેજનાઓ વધવા પામી છે. પરિવર્તન પાર્ટી રાજ્ય ચૂંટણી પંચમાં નોંધાયેલ નહિ હોવાથી તેનુ પ્રતિક મુક્ત પ્રતિકમાં હોવાથી અપક્ષ ઉમેદવારોને ફાળવવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીનું મતદાન ૧૭મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે.



(તસવીર : દિપક જાની)

ઝાકળ વર્ષા - ઉત્તર ભારતમાં હીમ વર્ષાની સીધી અસર ગાંધીનગર પર વર્તાઈ.... વહેલી સવારે ઝાકળ વર્ષાની માત્રા પ્રમાણમાં ખુબ જ વધી ગઈ છે... મંગળવારની વહેલી સવારે ગાંધીનગરનું આકાશ ધુમ્મસથી ઘેરાયું હતું અને ઝાકળ વર્ષા થતાં વાહનોના કાચ ઉપર ઝાકળના રેલા ઉતરતા જોવા મળ્યા હતા....

# સુપ્રીમના ચુકાદાના પગલે નીટ પરીક્ષા લેવાઈ શકે છે

## સુપ્રીમ કોર્ટમાં હાલમાં આ કેસ ચાલી રહ્યો હોવાથી ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ પર નીટની લટકતી તલવાર

અમદાવાદ, તા.૫

ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ છે. જેના કારણે પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે નીટની પરીક્ષા અંગે અત્યારે સુપ્રીમમાં કેસ ચાલતો હોવાથી વિદ્યાર્થીઓ ઉપર નીટની પરીક્ષાની તલવાર તોળાઈ રહી છે.

ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને નીટની પરીક્ષા લેવી તે અંગે વિવાદ બાદ આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. જ્યાં અત્યારે કેસ ચાલી રહ્યો છે. આ કેસનો ગમે ત્યારે ચુકાદો આવી શકે છે અને તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓએ ગુજકેટની જગ્યાએ નીટની પરીક્ષા આપવાની ફરજ પડી શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખતા ગુજકેટની પરીક્ષા લેવાની જાહેરાત છતાં પૂર્વ તૈયારી રૂપે શિક્ષણ બોર્ડ દ્વારા નીટની પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શક પુસ્તકો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જેથી પરીક્ષા પહેલા જો સુપ્રીમકોર્ટનો ચુકાદો આવે અને બોર્ડે ગુજકેટની જગ્યાએ નીટની પરીક્ષા લેવાની ફરજ પડે તો વિદ્યાર્થીઓને સાવ તૈયારી વગર પરીક્ષા આપવાની ફરજ ન પડે. આ ઉપરાંત બોર્ડ દ્વારા સુપ્રીમના ચુકાદાના પગલે જિલ્લા શિક્ષણ અધિકારીઓને પણ નીટની પરીક્ષા માટે તૈયાર રહેવાની સૂચના આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષા લેવી કે નીટની પરીક્ષા લેવી તે બાબતને લઈને વિવાદ સર્જાતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતો.

# સે-૧ તળાવને અનુલક્ષી હવે ફૂડકોર્ટનું કામ હાથ ધરાશે

## ૨૬ લાખના ખર્ચે ખાણી-પીણીના સ્ટોલ્સ ઉભા કરાશે

ગાંધીનગર, તા.૫

સે-૧ તળાવ વિકાસની યોજના અન્વયે ટૂંકમાં ફૂડકોર્ટ બનાવવાનું કામ હાથ ધરાશે. ફૂડકોર્ટ નિર્માણ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સે-૧ના તળાવને પીકનીક સ્પોટ બનાવવા આખરી તબક્કાનું કામ હાથ ધરવામાં આવશે.

શહેરના હાઈપ્રોફાઈલ સે-૧માં સ્થિત તળાવને પીકનીક સ્પોટ બનાવવાનું કામ હજુ પૂર્ણ થયું નથી. છેલ્લા ૬ વર્ષથી તળાવ વિકાસની યોજનાને પૂર્ણ વિરામ લાગ્યું નથી. અલબત્ત નવનિર્મિત તળાવનું કામ પૂર્ણ કરાયા બાદ આસપાસની હરિયાળી નિખારવા અગાઉ ઉદ્યાન બનાવવાનું કામ પણ હાથ ધરાયું હતું. બાગાયત તંત્ર દ્વારા લોન તેમજ પ્લાન્ટેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તળાવ આસપાસના વિસ્તારની રોનક નિખારવા સહેલાણીઓને ધ્યાને લઈ ફૂડકોર્ટ તેમજ એમ.પી. થિયેટર બનાવાની કાર્યયોજના વિચારવામાં આવી હતી. વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સે-૧ના તળાવને અનુલક્ષી ફૂડકોર્ટ નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે તળાવ પાસે ખાણી-પીણીના સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવશે. ફૂડકોર્ટ બનાવવા માટે રૂ. ૨૬ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ટૂંકમાં આ કામ શરુ કરી દેવાશે. પરંતુ વર્ષોના અંતે પણ તળાવ વિકાસની યોજના હજુ સંપૂર્ણ ન થતાં નવનિર્મિત તળાવની રોનક નિખરી નથી.



પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની પત્રકાર પરિષદમાં મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતુ કે ભાજપે ગત ચૂંટણીમાં આપેલા વચનો હજૂ પાળ્યા નથી તેની સામે કોંગ્રેસ વિધાનસભામાં આક્રમક રજૂઆત કરશે.


# ‘ઘ’ માર્ગના સર્વિસ રોડને જોડવા રોડ નં. ૩ પર એપ્રોચ રસ્તો બનશે

## ટાઉન પ્લાનીંગ વિભાગે મંજૂરી આપી : ઘ-૩ નજીક સર્વિસ રોડ પર જવા રોંગ સાઈડ બંધ થઈ જશે

ગાંધીનગર, તા.૫

ઘ-૩ નજીક સર્વિસ રોડ તરફ જવા નાગિરકોને રોંગ સાઈડમાં જતા અટકાવવા અને ટ્રાફિક અવર જવર સરળ બનાવવા માટે રોડ નં. ૩ ઉપર એપ્રોચ રોડ બનાવાશે. ટાઉન પ્લાનીંગ કક્ષાએથી એપ્રોચ રોડ બનાવવાની મંજૂરી આપી દેવાતા તંત્ર આ મામલે વિભાગને દરખાસ્ત કરશે.

શહેરના મુખ્ય ‘ઘ’ માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક સિનારીયો બદલાયો છે. ‘ઘ’ માર્ગ પર ઘ-૪ પાસે સ્વર્ણિમ પાર્કનું કામ શરૂ થયા બાદ ઉદ્યોગભવનમાં પ્રવેશવા માટે ‘ઘ’ માર્ગ પર સ્થિત પ્રવેશદ્વાર તરફથી એન્ટ્રી આપવામાં આવે છે. ઘ-૪ના તોતિંગ સર્કલ આસપાસ પણ પીકઅવર્સ દરમિયાન ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. જયારે શહેરના હાર્દ સમા ઘ-૩ વિસ્તારમાં પણ એસ.ટી. ડેપો સી.ટી. બસ સ્ટેન્ડ અને પેટ્રોલ પંપ સ્થિત હોવાથી દિવસ દરમિયાન ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. બીજી તરફ ‘ઘ’ માર્ગને સમાંતર સર્વિસ રોડ પર સ્થિત પેટ્રોલ પંપ તેમજ સેકટર-૬ના આંતરિક વિસ્તારમાં જવા માટે વાહનચાલકો ઘણીવાર શોર્ટ કટ પકડીને રોંગ સાઈડમાં જતા માર્ગ સલામતી જોખમાય છે. વાહનચાલકોને રોંગ સાઈડમાં જતા અટકાવવા સર્વિસ રોડને એપ્રોચ રસ્તો આપવા અગાઉ વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ટાઉન પ્લાનીંગ વિભાગે આ મામલે મંજુરી આપી દીધી છે. જેથી હવે સર્વિસ રોડને એપ્રોચ રોડ આપવાનું કામ સરળ બન્યું છે. તંત્ર કક્ષાએથી પણ ટ્રાફિકની સરળ અવર જવર માટે રોડ નં. ૩ ઉપરથી સર્વિસ રોડને જોડતો એપ્રોચ રસ્તો બનાવવા દરખાસ્ત કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. આ અંગે દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલી દેવાશે.



(તસવીર : દિપક જાની)

# કમોસમી વરસાદથી શિયાળુપાકને નુકશાનની ભીતિ

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે કૃષિક્ષેત્રે કેટલાક પાકોને નુકશાન થયું હોવાની ભીતી વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના હવામાનમાં ગઈકાલે પલટો આવતાં કચ્છ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવા પામ્યો હતો તો કેટલાક વિસ્તારોમાં બરફના કરા પડવા પામ્યા હતા.

કમોસમી વરસાદ થવાને કારણે અને ઝાકળ પડવાને કારણે જીરૂ, વરીયાળી અને ઈસબગુલ જેવા કૃષી પાકોને નુકશાન થવા પામ્યુ હોવાની ભીતી વ્યક્ત કરવામાં આવીછે. જ્યારે હજુ એક બે દિવસ આવું વાતાવરણ રહેશે અને વધુ કમોસમી વરસાદ થાય તો આ પાકોને વધુ નુકશાન થવાની ભીંતી પણ કૃષી વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં હવામાન પલટાતા કમોસમી વરસાદ થતાં અને હજુ આગામી ૨૪ કલાક દરમ્યાન પણ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના કયા કયા વિસ્તારોમાં કમોસમી વરસાદ થવા પામ્યો છે આ વરસાદને કારણે કોઈ પાકને નુકશાન થયું છે કે નહી તે અંગેનો તાગ મેળવવા માટે જીલ્લા ખેતીવાડી અધિકારીઓને સર્વે કરીને અહેવાલ મોકલી આપવા માટે કૃષિ વિભાગ દ્વારા સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.


## તમારા પાલ્યને શ્રેષ્ઠ દેખાવ કરતો બનાવો

### ધ્યાન આપો : વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ

જો તમે આ દિશામાં કોઈપણ સમસ્યા ભોગવી રહ્યા છો જેમ કે મહત્વાકાંક્ષા, લક્ષ્ય, મનોવૃત્તિ, પ્રત્યાયન, એકાગ્રતા, આત્મવિશ્વાસ, નિર્ણાયકતા, લાગણી, કર્તવ્યનિષ્ઠા, યાદશક્તિ, શ્રેષ્ઠતા, દૃઢનિશ્ચય, રજૂઆત અને વિચારવાની ભાત.

જેમ કે, લક્ષ્યનો અભાવ, એકાગ્રતાનો અભાવ, આત્મ વિશ્વાસનો અભાવ, દૃઢતાનો અભાવ, લાગણીઓનો અભાવ, કર્તવ્યનિષ્ઠાનો અભાવ, યાદશક્તિનો અભાવ, સંપૂર્ણતાનો અભાવ, દૃઢ નિશ્ચયનો અભાવ, રજૂઆતનો અભાવ, ધારનો અભાવ, પરિપક્વતા, નિરાશા, હતાશા, સંતાપ, ગુંચવણ, આવડતને છુપાવવી, જાતને છેતરવી, અસ્થિરતા, અસ્વીકારનો ડર, મનદુઃખનો ડર, લાસરિયાપણું, દુરાગ્રહી, પાછળથી જાણ થવી, નિયંત્રણનો અભાવ વગેરે...

એન.એલ.પી. (ન્યુરો - લીંગ્વીસ્ટીક પ્રોગ્રામ) થકી આ બધી જ બાબતો, લક્ષણો અંગેનો આત્મનિરિક્ષણનો રિપોર્ટ અને ઉપાય મેળવો. પ્રતિષ્ઠિત શાળાઓના આચાર્યોએ આ પ્રોગ્રામની ભલામણ કરી છે. અમને બાર વર્ષનો લાંબો અનુભવ આ ક્ષેત્રે છે.

**વ્યક્તિગત રીતે પણ આત્મનિરિક્ષણનો રિપોર્ટ અને ઉપાયો અંગેની માહિતી અમારા ખાતામાં રૂ. ૫૦૦ ભરીને મેળવી શકાય છે અને આપ અમારા સરનામે આપના હસ્તાક્ષરમાં લખેલી કેટલીક માહિતી મોકલી આત્મનિરિક્ષણનો રિપોર્ટ અને ઉપાયો મેળવી શકો છો.**

**અમારા છ માસના (એન.એલ.પી.) ન્યુરો લીંગ્વીસ્ટીક પ્રોગ્રામ કે જેની માહિતી નીચે આપેલી છે (લઘુત્તમ લાયકાત સ્નાતક) તેમાં જોડાઈને લાખો કમાઈ શકો છો.**

- એનએલપી ટ્રેનીંગ અને સર્ટીફિકેટ કોર્સ - (૬ અઠવાડિયા) ફી રૂ. ૫૦૦૦/-
- એનએલપી પ્રોગ્રામ વીથ ટ્રેનીંગ સર્ટીફિકેટ કોર્સ (૬ અઠવાડિયા) ફી રૂ. ૧૦,૦૦૦/-
- એનએલપી ટ્રેનીંગ + પ્રોગ્રામ વીથ પર્સનલ કાઉન્સેલીંગ (૬ અઠવાડિયા) ફી રૂ. ૧૫,૦૦૦/-

નોંધ : શાળા / કોલેજ / સંસ્થાઓ માટે ઓછામાં ઓછા ૫૦૦ સભ્યો હોવા જોઈએ અને વર્ક ઓર્ડરની માહિતી ટપાલ દ્વારા અથવા અંગત રીતે આપવાની રહેશે.

**સંપૂર્ણ જાણકારી માટે**

આપનો ઈમેલ આઈડી અમારા મોબાઈલ ફોન પર અથવા અમારા ઈમેલ આઈડ પર મોકલો

સંપર્ક : **અતુલ એજ્યુકેશન પ્રા. લી.**

કેન્દ્રીય વહીવટી ઓફિસ : પ્લોટ નં. ૪, ચંદ્ર પાર્ક, (એનએલઆઈટી સામે) દ્વારકા મોરે હાઈવે, ન્યુ દિલ્હી - ૭૮

હેલ્પ લાઈન : ૦૯૫૬૦૯૨૩૦૬૨, ૦૯૨૫૯૪૮૮૮૯૦, ઈમેઈલ : akhileshasitis@yahoo.com

મુલાકાત લો : www.akhileshasistis.com


## મુખ્યમંત્રી આજે દિલ્હીના પ્રવાસે જશે કેબીનેટની બેઠક ગુરૂવારે મળશે

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપવા જનાર હોઈ કેબીનેટની બેઠક મુલ્તવી રાખવામાં આવી છે.

રાજયમંત્રીમંડળની બેઠક સામાન્ય રીતે દર બુધવારે મળતી હોય છે. જો કે આવતીકાલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને એક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં દિલ્હી જવાનું હોઈ આવતીકાલે બુધવારે મળનારી કેબીનેટ બેઠક મુલત્વી રાખવામાં આવી છે અને તેના બદલે ગુરૂવારે સાંજના કેબીનેટ બેઠક રાખવામાં આવી છે.

આ ઉપરાંત અલ્હાબાદ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન કરવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૨મીના રોજ અલ્હાબાદ જનાર છે. તેમજ ત્યાં અશોક સિંઘલ અને પ્રવિણ તોગડીયા સાથે મુલાકાત પણ કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## રાજનેતા તરીકે મોદી સૌથી વધુ અસરકારક - શંકરાચાર્ય

અલ્હાબાદ, તા. ૫

ભાજપના નેતાઓ વચ્ચે નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવાના મુદ્દે ભલે સર્વસંમતિ સાધી ન શકાતી હોય પરંતુ કાંચી કામકોટિના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીએ મોદીને પીએમ માટે સૌથી યોગ્ય ઉમેદવાર ગણાવ્યા છે.તેમણે જણાવ્યું હતું કે મોદી આવશે તો તેઓ આશીર્વાદ આપશે. રાજનેતા તરીકે મોદીનું વ્યક્તિત્વ સૌથી વધુ અસરકારક અને ધર્મનિરપેક્ષ છે. વિરોધીઓ ભલે તેમને કટ્ટરહિંદુ કહે પરંતુ તે સર્વધર્મમાં માને છે.

શંકરાચાર્યે દાવો કર્યો હતો કે મોદીમાં કોઈ ધાર્મિક પક્ષપાત નથી. માટે તેમનો આશીર્વાદ છે કે મોદી જ દેશનું સુકાન સંભાળે.

# રતિભાઈ અખાણીનું મહારાષ્ટ્ર કર્મચારી સંગઠન દ્વારા સન્માન

અમદાવાદ, તા.૫

મહારાષ્ટ્ર કર્મચારી સંગઠન દ્વારા દ્વિભાષિત રાજયના પૂર્વ ગુજરાતી અધિકારી રતિભાઈ અખાણીનું કેન્દ્ર સરકારના કૃષિમંત્રી શરદ પવારના હસ્તે મુંબઈમાં બહુમાન થયું હતું.

રતિભાઈ અખાણી ઘણા વર્ષોથી ‘મહારાષ્ટ્ર સ્ટેટ ગર્વમેન્ટ એમ્પ્લોઈઝ કોનફેડરેશન’ મંત્રાલય મુંબઈના માનદ સલાહકાર છે. અખાણીની સંગઠન સાથેની દીર્ઘ સેવાઓનો કૃષિમંત્રી શરદ પવારે ખાસ ઉલ્લેખ કર્યો હતો અને સ્મૃતિ ચિહ્ન (મોમેન્ટો) અર્પણ કર્યુ હતું.

ફેડરેશનના પ્રમુખ આર.જી. કર્ણિકે રતિભાઈ અખાણીએ સરકારી નોકરી છોડીને ગાંધીનગર જિલ્લામાં ‘દક્ષિણામૂર્તિ’ ટાઈલ્સનો ઉદ્યોગ સ્થાપેલ છે તે માટે સંગઠન ગૌરવ અનુભવે છે.

રતિભાઈ અખાણી મુંબઈની જાણીતી રેડ સ્વતિક સોસાયટીમાં પણ સહયોગ આપી રહેલ છે. સમારંભમાં મહારાષ્ટ્ર રાજયના વરિષ્ઠ પ્રધાન છગન ભુજબળ અને મુંબઈ શહેરના પ્રભારી પ્રધાન જયંત પાટીલ અને કામદાર નેતાઓ હાજર રહ્યાં હતા.



ઉપરોક્ત તસ્વીરમાં શરદ પવાર અને પ્રભારી પ્રધાન જયંત પાટીલ, રતિભાઈ અખાણી સાથે દીપ પ્રગટાવી રહેલા છે.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES

TMT BARS - ISI

TATA

STEEL • PIPES • SHEETS

BENELAVE

FIXIT

Kisan

SANDHI STEEL - ISI

ashirvad

C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com